# સ્ટેટ હેલ્થ સોસાયટી-ગુજરાત
## ફાઈનાન્સ મેનેજમેન્ટ ગ્રુપ
### એન.એચ.એમ.ભવન,પ્રથમ માળે,સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ,સેકટર-૧૨,ગાંધીનગર
**તા:૨૯.૦૮.૨૦૧૮ નાં રોજ યોજાયેલ પ્રી-બીડ અંગેની મીનીટસ**

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્ટેટ હેલ્થ સોસાયટી-ગુજરાત હેઠળ કન્કરન્ટ ઓડીટર તરીકે ગાંધીનગર-૨ અને અમદાવાદ-૨ માટે અગ્રવાલ એન્ડ ધાંધનીયા, સી.એ.ફર્મની નિમણુક કરવામા આવેલ.પરંતુ સદરહુ સી.એ.ફર્મ દ્વારા થયેલ નિમણુક પરત્વે ઓડીટ કામગીરીનો અસ્વીકાર કરતા,ગાંધીનગર-૨ અને અમદાવાદ-૨ રીજીયન માટે નવા સી.એ.ફર્મની નિમણુકની કાર્યવાહી કરવાની જરૂરીયાત ઉદ્ભવેલ.જે અન્વયે તા.૨૩.૦૮.૨૦૧૮ ના દિવ્યભાસ્કર સમાચારપત્ર (અમદાવાદ આવૃત્તિ) અને ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા (અમદાવાદ આવૃત્તિ)માં ગાંધીનગર-૨ અને અમદાવાદ-૨ રીજીયન માટે નવા સી.એ.ફર્મની નિમણુક માટે "ટુંકી નિવિદા"દ્વારા જાહેરાત આપવામાં આવેલ.

ઉક્ત ટેન્ડરની પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે પ્રી-બીડ મીટીંગનું આયોજન આજ રોજ તા.૨૯.૦૮.૨૦૧૮ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે માન.પ્રોગ્રામ મેનેજરશ્રી ફાઈનાન્સશ્રીની ચેમ્બરમાં ઉક્ત નિર્દિષ્ટ સરનામે યોજાયેલ.

સદરહુ મીટીંગ માન.પ્રોગ્રામ મેનેજરશ્રી (ફાઈનાન્સ) એ.જે.રાઠવાનાં અધ્યક્ષસ્થાને વહીવટી અધિકારીશ્રી (એફ.એમ.જી.) એસ.ડી.પટેલ,સ્ટેટ ફાઈનાન્સ ઓફિસરશ્રી એ.એલ.ગુપ્તા ,સ્ટેટ એકાઉન્ટ ઓફિસરશ્રી એ.એસ.પાઠક તેમજ સીની.આસિસ્ટન્ટશ્રી (એફ.એમ.જી.) એમ.બી.શાહની ઉપસ્થિતિમાં તેમજ નીચે મુજબના સી.એ.ફર્મના પ્રતિનિધિઓની હાજરીમાં યોજવામાં આવેલ.

(૧) સી.એ.મનહર રાયચુરા , પાર્ટનર, એમ.બી.કે.એન્ડ એસો.,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
(૨) સી.એ.જેનીલ શાહ , પાર્ટનર, વીંકિન એન્ડ કુ.,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
(૩) સી.એ.પરેશ ભટ્ટ ,પાર્ટનર, પી.બી.એમ.એન.એન્ડ કુ.,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
(૪) સી.એ.વિક્રમ નાગર ,પાર્ટનર, પી.બી.એમ.એન.એન્ડ કુ.,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
(૫) ઋષભ જૈન,બ્રાન્ચ મેનેજર,જૈન વી એન્ડ કુ., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
(૬) દર્શનભાઈ,આર્ટીકલ આસિસ્ટન્ટ,પરીખ શાહ એન્ડ ચોટલિયા એસો., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

સદરહુ મીટીંગમાં સૌપ્રથમ માન.પ્રોગ્રામ મેનેજર શ્રી (ફાઈનાન્સ) દ્વારા સ્ટેટ હેલ્થ સોસયટી-ગુજરાત અન્વયે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ગાંધીનગર-૨ અને અમદાવાદ-૨ અન્વ્યે યોજાયેલ પ્રી બીડ મીટીંગમાં હાજર રહેલ તમામ સી.એ.ફર્મને આવકારવામાં આવેલ.

મીટીંગની શરૂઆતમાં વહીવટી અધિકારીશ્રી (એફ.એમ.જી.) દ્વારા તમામ સી.એ.ફર્મના પ્રતિનિધિઓને અત્રે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીશ્રીનો ટુંકો પરિચય આપી પ્રી-બીડ મીટીંગ નો હેતુ જણાવવામાં આવેલ.

- **સ્ટેટ ફાઈનાન્સ ઓફિસરશ્રી દ્વારા કન્કરન્ટ ઓડીટનાં મહત્વ વિષે તેમજ સ્ટેટ હેલ્થ સોસયટી-ગુજરાત અન્વયે કન્કરન્ટ ઓડીટરશ્રીને સદરહુ માળખામાં ઓડીટ કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ પરત્વે ધ્યાન દોરેલ.**

(૧) ટેન્ડર પ્રકિયામાં ભાગ લઇ રહેલ તમામ સી.એ.ફર્મને " કન્કરન્ટ ઓડીટ ૨૦૧૮-૧૯ માટેની રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ " નો વિગતવાર અભ્યાસ કરવા જણાવેલ.

(૨) પી.બી.એમ.એન.એન્ડ કુ.,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ફર્મના પ્રતિનિધિ દ્વારા મીનીમમ ઓડીટ ફીનું સ્તર ખુબજ નજીવું હોવાનું જણાવતા ,સદરહુ ફી "ભારત સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે મંજુર કરાયેલ પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશન પ્લાન" અને તે અન્વયે "કન્કરન્ટ ઓડીટ ફી માટે ફાળવેલ બજેટ" તેમજ કુલ એન.એચ.એમ.અંતર્ગત મંજુર થયેલ બજેટ અને તમામ ઓડીટ યુનિટના બજેટના સપ્રમાણ રાખેલ હોવાનું જણાવેલ.

- **માન.વહીવટી અધિકારીશ્રી (એફ.એમ.જી.) દ્વારા નીચે મુજબના મુદ્દાઓ પરત્વે ધ્યાન દોરવામાં આવેલ.**

(૧) કન્કરન્ટ ઓડીટની કામગીરી દરમ્યાન ફરજીયાતપણે અધિકૃત કેશબુક / બેન્ક બુક તેમજ ડે બૂકને આધારે ઓડીટ કરવા જણાવેલ.

(૨) ઓડીટ કરતા સમયે સરકારશ્રી દ્વારા સમયાંતરે આપવામાં આવતી સ્થાયી સૂચનાઓ, પરિપત્રો, ઠરાવો ને ધ્યાને લઇ કાર્યવાહી થતી હોવાનું જણાવેલ.

(૪) ફાઈનાન્સ મેનેજમેન્ટ ગ્રુપ દ્વારા તા.૨૩,૨૪ અને ૨૫ મે ૨૦૧૮ નાં રોજ યોજાયેલ વર્કશોપમાં તમામ ફાઈનાન્સ ના સ્ટાફ ને અપાયેલ તાલીમ પરત્વે ધ્યાન દોરી,તાલીમમાં અત્રેથી અપાયેલ સંકલિત સ્થાયી સૂચનાઓ, પરિપત્રો, ઠરાવોની બુકલેટ અંગે પણ જાણ કરેલ.

(૫) તમામ એજન્સીઓમાં બે સીગ્નેટરી(નિયમિત અધિકારી) દ્વારા જ ઉપાડ કરવા અધિકૃત કરાયેલ છે કે કેમ તેની ખાતરી કરવા જણાવેલ.

(૬) તમામ સી.એ.ફર્મને કન્કરન્ટ ઓડીટ રીપોર્ટમાં ઓબ્ઝર્વેશન આપતા પહેલા અનુસરવામાં આવતી હાફ માર્જીન સીસ્ટમ વિષે માહિતગાર કરવામાં આવ્યા.

(૭) કાર્યાલય આદેશ / વહીવટી હુકમની સમજ સી.એ.ફર્મનાં પ્રતિનિધિઓને આપવામાં આવેલ. તેમજ કચેરીમાં બીલ / હુકમ ચૂકવણા અર્થે રજુ થયેથી તેનું ચુકવણું થાય ત્યાં સુધીની તમામ વહીવટી/નાણાકીય પ્રક્રિયાથી તેમજ વાઉચર ,ચૂકવણા આદેશથી તમામને વાકેફ કરવામાં આવેલ.

- **સ્ટેટ એકાઉન્ટ ઓફિસરશ્રીએ નીચે મુજબના મુદ્દાઓ પરત્વે ધ્યાન દોરેલ.**

(૧) ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા કન્કરન્ટ ઓડીટ ૨૦૧૮-૧૯ આર.એફ.પી.તેમજ વાંચી, સમજી લેવા અનુરોધ કરેલ અને તેમાં સૂચવ્યા મુજબ જ આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવેલ.

(૨) તમામ ઓડીટ ફર્મના પ્રતિનિધિઓને સમયમર્યાદામાં ઓડીટ રીપોર્ટ સબમિટ ના કરવાના કિસ્સામાં કાપવાની થતી "પેનલ્ટી" અંગે જાણ કરવામાં આવેલ તેમજ તમામ ઓડીટ યુનિટ સાથે તમામ વાતચીત લેખિતમાં કરવા જ સુચન કરેલ.

- **સીની.આસિસ્ટન્ટ (એફ.એમ.જી.)દ્વારા નીચે મુજબના મુદ્દાઓ પરત્વે ધ્યાન દોરવામાં આવેલ.**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના કન્કરન્ટ ઓડીટર શ્રીઓ ને ઓડીટ કામગીરી કરતા પહેલા સંબંધિત નાણાકીય વર્ષ ની અધિકૃત"પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન (પી.આઈ.પી.)" હેઠળ ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરાયેલ કુલ મંજુર બજેટ'તેમજ એક્ટીવીટી વાઈઝ મંજુર બજેટ અનુસરીને જ કામગીરી કરવાની થતી હોવાની બાબતથી વાકેફ કરેલ.

(૨) ભારત સરકારશ્રીનાઆદેશ મુજબ તમામ ચૂકવણાની કામગીરી ફક્ત અને ફક્ત પી.એફ.એમ.એસ.પોર્ટલ પરથી જ કરવામાં આવે છે તે બાબત થી તમામને માહિતગાર કરવામાં આવેલ.વધુમાં પી.એફ.એમ.એસ.પોર્ટલ પરથી ચૂકવણા અર્થે બેંકમાં રજુ કરાતી "પેમેન્ટ એડવાઈઝ(પી.પી.એ.)"ની મુદત ૧૦ દિવસ ની થઇ હોવાની બાબતથી

(૪) નાણાકીય ઉચાપતના કિસ્સામાં ત્વરિત પગલા લઇ તમામ આધાર પુરાવા સહ રીપોર્ટ સંબંધિત કક્ષાએ તેમજ તેની એક નકલ રાજ્ય કક્ષાએ પાઠવવા જણાવેલ.

ઉક્ત ટેન્ડર અન્વયેની તા.૨૩.૦૮.૨૦૧૮ ના રોજ દિવ્યભાસ્કર દૈનિક ગુજરાતી સમાચારપત્ર(અમદાવાદ આવૃત્તિ) માં પ્રસિધ્ધ થયેલ "ટુકી નિવિદા" તેમજ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દૈનિક અંગ્રેજી સમાચારપત્ર (અમદાવાદ આવૃત્તિ) માં પ્રસિધ્ધ થયેલ જાહેરાત પૈકી ગુજરાતી સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં માં ટેન્ડર શરતચૂક થી ઓનલાઈન ભરવાનું છપાયા હોવાની બાબત ઉપસ્થિત તમામને માન.પ્રોગ્રામ મેનેજરશ્રી (ફાઈનાન્સ) દ્વારા વાકેફ કરવામાં આવ્યા હતા. તેમજ સદરહુ ગુજરાતી સમાચાર પત્રમાં થયેલ શબ્દપ્રયોગ રદ ગણવા અને ટેકનીકલ તેમજ ફાઈનાન્સિયલ બીડ બન્ને ફિઝીકલી જ સબમિટ કરવાના હોવાની બાબતથી તમામને વાકેફ કરવામાં આવેલ હતા.

ઉક્ત મીટીંગ મહત્વનાં મુદાઓ પરત્વે થયેલ ચર્ચા અને સૂચનોના આદાન પ્રદાનને અંતે માન.પ્રોગ્રામ મેનેજરશ્રી (ફાઈનાન્સ ) દ્વારા તમામ સી.એ.ફર્મ ને મીટીંગ અન્વયે હાજર રહેવા બદલ આભાર પ્રગટ કરવામાં આવ્યો અને તે સાથેજ મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

પ્રોગ્રામ મેનેજર (ફાઈનાન્સ)
ફાઈનાન્સ મેનેજમેન્ટ ગ્રુપ
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(૧) માન.મિશન ડાયરેક્ટરશ્રી,એન.એચ.એમ.ભવન,સિવિલ હોસ્પિટલ કેમ્પસ,ગાંધીનગર તરફ જાણ સારું.
(૨) સભ્ય સચિવશ્રી (એસ.એચ.એસ.) અને અધિક નિયામકશ્રી (જા.આ.),મજકુર કચેરી ,ગાંધીનગર.
(૩) ચેરપર્શનશ્રી ,આર.સી.એચ.પ્રોગ્રામ સબકમિટી અને અધિક નિયામકશ્રી (પ.ક.),મજકુર કચેરી,ગાંધીનગર.

**નકલ રવાના :**

(૧) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી,ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી, (તમામ)
(૨) વિભાગીય નાયબ નિયામકશ્રી,વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી((તમામ)
(૩) મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ,અર્બન હેલ્થ સોસાયટી,(તમામ)
(૪) પ્રી-બીડ મીટીંગ અન્વયે હાજર રહેલ તમામ સી.એ.ફર્મને ....
(૫) વહીવટી અધિકારીશ્રી (આઈ.ટી.સેલ),**www.nrhm.gov.in** અને **www.gujhealth.gujarat.gov.in** પર અપલોડ કરવા સારું.
(૬) પસંદગી ફાઈલે